અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વ્યવસ્થાપન નીતિ નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૧૧-૧૧૭૩-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૦૧-૦૭-૨૦૧૧

વંચાણે લીધા:-

૧. શિ.વિ.નો તા.૩૧-૧-૯૭નો ઠરાવ ક્રમાંક-ઉમશ-૧૨૯૫-ઇએમઆર-૬૩-ગ.૧

૨. શિ.વિ.નો તા.૨૮-૮-૯૮નો ઠરાવ ક્રમાંક-ઉમશ-૧૨૯૫-ઇએમઆર-૬૩-ગ.૧

આમુખ:-

રાજયમાં અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(સેલ્ફ ફાયનાન્સ સ્કુલ્સ)ને મંજુરી આપવા અંગેની નીતિ જુન-૧૯૯૩ થી અમલમા છે.

આવી રાજયમાં અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે દરેક શાળા દ્વારા વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવતા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને ગુણવતા શાળાના મકાનની સુવિધા તેમજ શૈક્ષણિક અને ઇતર પ્રવૃતિઓ માટે અપાતી સગવડ વગેરે લક્ષમાં લઇને વંચાણમાં લીધેલ ક્રમાંક-૧ ના તા.૩૧-૧-૯૭ના ઠરાવથી ટયુશન ફી, સત્ર ફી તથા પ્રવેશ ફીનુ ગુરુતમ ધોરણ નકકી કરેલ હતુ અને આ રીતે શાળાને ફીની જે આવક થાય તેમાંથી ૮૦ ટકા રકમ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફના પગાર ભથ્થા માટે અને ૨૦ ટકા રકમ શાળાના અન્ય માન્ય ખર્ચ માટે કરવાનો રહેશે તેમ ઠરાવવામાં આવેલ હતુ.

ત્યારબાદ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા કરવામાં આવેલ રજુઆતના આધારે વંચાણમાં લીધેલ ક્રમાંક-૨ ના તા.૨૮-૮-૯૮ના ઠરાવથી કાયમી ધોરણે ગ્રાન્ટ નહી લેતી સ્વનિર્ભર શાળાઓ, વિદ્યાર્થીઓ પાસેથી લેવાતી ફી નુ પ્રમાણ જાતે નકકી કરી શકશે તેવુ ઠરાવવામાં આવેલ છે.

સરકારશ્રીની ઉપર મુજબની ઉદાર નીતિનો મનસ્વી રીતે ગેરલાભ ઉઠાવી કેટલીક સ્વનિર્ભર શાળામાં ટયુશન ફી, સત્ર ફી, પ્રવેશ ફી વગેરે નામે ખુબ ઉંચી ફી લેતી હોવાની તથા કોઇપણ જાતની નિયમસરની પહોંચ આપ્યા વગર વિદ્યાર્થીના વાલીઓ પાસેથી દાન (Donation)ની માંગણી કરતી હોવાની ગંભીર ફરિયાદો રાજય સરકારને મળેલ છે.

રાજયમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિસ્તાર અને વિકાસ માટે અનુદાન વગરની સ્વનિર્ભર શાળાઓને સ્વાયતતા આપવી જરૂરી છે. પરંતુ આવી સ્વાયતત્તાનો દુરૂપયોગ કરી શિક્ષણના નામે શાળા સંચાલકો વારંવાર વ્યાજબી કારણો વગર ફી વધારો કરે કે શાળાના વિકાસના નામે વાલીઓ પાસેથી દાનની માંગણી કરે તે શિક્ષણના વિસ્તાર અને વિકાસ માટે અવરોધક બાબત છે. સરકારે આ બાબતને ખૂબજ ગંભીરતાથી લીધી છે. શાળા સંચાલન અને શિક્ષણના હિતમાં આવી સ્વનિર્ભર માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નીચે મુજબની વ્યવસ્થાપન નીતિ નકકી કરવામાં આવે છે.

(ક) આદર્શ આચાર સંહિતા

૧. ફી અંગે સ્વનિર્ભર શાળાઓ વિદ્યાર્થીઓ પાસેથી જે કોઇપણ ફી લેશે તેની કાયદેસરની પાવતી આપવાની રહેશે.
૨. સ્વનિર્ભર શાળાએ લીધેલ ફીનુ ધોરણ વર્ષ દરમ્યાન શાળાની સુવિધા અને સંચાલન માટે જે ખર્ચ કરે છે તે ખર્ચને ધ્યાને રાખી પ્રમાણસર ફી નકકી કરવાની રહેશે.
૩. શાળાએ લીધેલ ફી સામે કરેલ ખર્ચનુ દર વર્ષે ઓડિટ કરાવી હિસાબો પોતાની વેબસાઇટ તેમજ વિદ્યાર્થી તથા વાલીઓની જાણકારી માટે શાળાના નોટિસ બોર્ડ ઉપર દર વર્ષે જાહેર હિતાર્થે પ્રસિધ્ધ કરવાના રહેશે.
૪. શાળાઓ પ્રવેશ વખતે કોઇ વાલી પાસે ડોનેશન અથવા કોઇપણ જાતની વિકાસ ફી માગી શકશે નહી.
૫. દર વર્ષે વિદ્યાર્થીઓની ફી માં મનસ્વી રીતે વધારો કરી શકશે નહી અને જો વધારો અનિવાર્ય હોય તો શૈક્ષણિક સત્ર શરુ થતાં છ માસ પહેલા અગાઉથી વાલીઓને લેખીતમાં જાણ કરવાની જવાબદારી શાળાઓની રહેશે.
૬. શાળા વિદ્યાર્થીઓના પ્રવેશ વખતે વિદ્યાર્થીઓ કે વાલીઓના મૌખીક ઇન્ટરવ્યુ લઇ શકશે નહીં.
૭. શાળાએ વિદ્યાર્થીઓના પ્રવેશ બાબતે પારદર્શક પ્રવેશ પધ્ધતિ અપનાવવાની રહેશે.
૮. આ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અન્ય સ્કુલોમાં પ્રવેશ લેવા ઇચ્છતા હોય ત્યારે તેમની ઇચ્છા વિરૂધ્ધ સર્ટીફીકેટ કે અન્ય દસ્તાવેજ રોકી શકાશે નહીં.
૯. શાળામાં હાલનુ ફીનુ ધોરણ શુ છે અને તેમાં દર વર્ષે કેટલા ટકા વધારો થવાનીસંભાવના છે તેની જાણ શાળાની માહિતી પુસ્તીકા(Prospectus) દ્વારા નવા પ્રવેશ મેળવતા વિદ્યાર્થી અને વાલીઓને આપવાની રહેશે. અને તે માહિતી પ્રવેશની કાર્યવાહી વખતે વેબસાઇટ, નોટિસ બોર્ડ ઉપર મુકવાની રહેશે.
૧૦. શાળાઓના શિક્ષકો-કર્મચારીઓ માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૨૦ અન્વયે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોવા જોઇએ.
૧૧. શાળાએ મેળવેલ મંજુરી/માન્યતા વખતે નિયત માન્ય ધોરણો/નિયમોનુ ચુસ્ત રીતે પાલન કરવાનુ રહેશે.

૧૨. આવી શાળાઓએ વિદ્યાર્થીઓને ચોક્કસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય,ગણવેશ કે બુટ,પોતાની સંસ્થા પાસેથી,કોઇ ચોકકસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોકકસ માર્કા કે કંપનીના ખરીદવા માટે આગ્રહ રાખી શકશે નહી કે ફરજ પાડી શકશે નહી.

૧૩. સ્વનિર્ભર શાળાઓએ મંજુર થયેલા વર્ગોમાં ગુ.મા.શિ.નિયમો-૧૯૭૪ના વિનિયમની કલમ-૯(૧૩)(૩) પ્રમાણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૧૪. શાળાના સમય દરમ્યાન અથવા ત્યારબાદ શાળામાં કોચીંગ સેન્ટર ચલાવી શકશે નહીં.

## (ખ) આદર્શ આચાર સંહિતાના ભંગ બદલ કાર્યવાહી

ઉપરોક્ત આચાર સંહિતાના ભંગ માટે માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ અને માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ની આનુષાંગિક કલમ, વિનિયમનો ભંગ ગણી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

૧. સ્વનિર્ભર શાળાઓ, આચાર સંહિતાનો ભંગ કરે તો તેની ફરિયાદ વિદ્યાર્થી/વાલીએ સબંધિત જિ.શિ.અધિ.શ્રીને કરવાની રહેશે. જિ.શિ.અધિ.એ આવી ફરિયાદની કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાને રાખીને ઉભય પક્ષે શાળાને કારણદર્શક નોટિસ આપી સુનાવણી કરીને સ્વયંસ્પષ્ટ અભિપ્રાય સાથે સદર શાળા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે પોતાની ભલામણ સાથેનો અહેવાલ ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડને મોકલવાનો રહેશે.

૨. ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ જિ.શિ.અધિશ્રીના અહેવાલના આધારે નિયમોના ભંગ કરવા બદલ શાળાને કારણદર્શક નોટિસ આપી યોગ્ય દંડ કરી શકશે.

૩. શાળા સામે ગંભીર ફરિયાદ હશે અને તેમાં તથ્ય જણાશે તો તે શાળા સામે ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ ગુ.મા.શિ.વિનિયમો-૧૯૭૪ના વિનિયમ-૧૨(ખ) તથા વિનિયમ-૯ મુજબ શાળાની માન્યતા રદ કરવા અંગેની કાર્યવાહી કરી શકશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ.પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજયકક્ષા મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન.રાજયકક્ષા મંત્રીશ્રી (ઉચ્ચ અને ટે.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર
- તકેદારી આયુકત, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓની કચેરી ગાંધીનગર.
- સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ/- સીલેકટ ફાઇલ.